પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩૩ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૧, રવિવાર; મહા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરને યોગ્ય સમયે પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાશે

## લોકસભામાં જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન સંશોધન વિધેયક પસાર : જમ્મુ-કાશ્મીરનો વિકાસ સરકારની ટોચની પ્રાથમિકતા




નવી દિલ્હી તા. ૧૩

લોકસભામાં આજે જમ્મુ કાશ્મીર પુનર્ગઠન સંશોધન વિધેયક પાસ થઈ ગયું છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે શનિવારે લોકસભામાં જમ્મુ-કાશ્મીર મુદ્દે બોલતા જણાવ્યું કે, મોદી સરકારે જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરાયા બાદ ઘણું કામ કર્યું છે. આટલું કામ અગાઉ સત્તામાં રહેલી સરકારે ક્યારેય નથી કર્યું. આંકડાકીય માહિતી સાથે શાહે વિપક્ષને જડબાતોડ જવાબ આપ્યો હતો અને જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીરનો વિકાસ મોદી સરકારની ટોચની પ્રાથમિકતા છે. જમ્મુ અને કાશ્મીર પુર્નગઠન (સંશોધન) બિલ અંગે ચર્ચા દરમિયાન વિપક્ષના કેટલાક સભ્યોને શાહે જવાબ આપ્યો હતો. વિપક્ષના સભ્યોએ એવો દાવો કર્યો હતો કે પ્રસ્તાવિત કાયદાથી પ્રદેશને પુનઃ રાજ્યનો દરજ્જો નહીં મળી જાય. શાહે વધુમાં સ્પષ્ટતા કરતા ઉમેર્યું કે, આ કાયદાથી જમ્મુ અને કાશ્મીરના રાજ્યના દરજ્જા સાથે કોઈ લેવાદેવા નથી. જમ્મુ અને કાશ્મીરને યોગ્ય સમયે પૂર્ણ રાજ્યનો દરજ્જો પરત મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# અજિત ડોભાલની હત્યાના ઈરાદે ત્રાસવાદીએ રેકી કરી

## જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીએ ઘટસ્ફોટ કર્યો : ચોંકાવનારા ખુલાસા બાદ લોખંડી સુરક્ષા ગોઠવવામાં આવી : તમામ એજન્સીઓને એલર્ટ આપવામાં આવ્યું

નવી દિલ્હી, તા. ૧૩

પાકિસ્તાન સ્થિત આતંકવાદી ભારતના રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજીત ડોભાલની હત્યાના ઈરાદે હુમલો કરવાની ફિરાકમાં હોવાનું ચોંકાવનારો ખુલાસો થયો છે. આ વાતનો ઘટસ્ફોટ ખુદ જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીએ કર્યો છે. અજીત ડોભાલને ટાર્ગેટ બનાવવાના ઈરાદે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી હિદાયત ઉલ્લાહ-મલિકે તેમની ઓફિસ સહિત દિલ્હીના કેટલાક ઠેકાણાઓ પર રેકી કરી હતી અને તેનો વીડિયો પાકિસ્તાન સ્થિત એક હેન્ડલરને મોકલ્યો હતો.



આ ચોંકાવનારા ખુલાસા બાદ લોખંડી સુરક્ષા ગોઠવવામાં આવી છે એટલું જ નહીં પરંતુ તમામ એજન્સીઓને એલર્ટ આપવામાં આવ્યું છે. હિદાયત ઉલ્લાહ-મલિક કોઈ નાનો આતંકવાદી નથી. તે જૈશના અન્ય એક સંગઠન લશ્કર-એ-મુસ્તફાનો વડો પણ છે. મલિક જમ્મુ-કાશ્મીરના શોપિયાંનો રહેવાસી છે. ચાલુ મહિને ૬ ફેબ્રુઆરીએ જૈશ ઓપરેટર મલિકની પોલીસે ધરપકડ કરી હતી. મલિક વિરુદ્ધ જમ્મુના ગંગ્યાલ પોલીસ સ્ટેશનમાં કલમ ૧૮ અને ૫૨૦ યુએપી અધિનિયમ અંતર્ગત કેસ દાખલ કરાયો છે. એફઆઈરનો ક્રમાંક ૧૫/૨૦૨૧ છે.

મલિક જેશના અગ્રીમ જૂથ લશ્કર-એ-મુસ્તફાનો પ્રમુખ છે. પોલીસે જ્યારે આતંકવાદી મલિકની અનંતનાગમાં ધરપકડ કરી ત્યારે તેની પાસેથી હથિયાર તેમજ દારૂગોળો પ્રાપ્ત થયો હતો. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મલિકની પૂછપરછ વખતે તેણે જણાવ્યું કે ૨૪ મે ૨૦૧૯ના

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હી-એનસીઆરમાં મોડીરાત્રે ભૂકંપના આંચકા

નવી દિલ્હી,તા.૧૩

દિલ્હી-એનસીઆર સહિત આખા ઉત્તર ભારતમાં ભૂકંપના જોરદાર ઝટકા અનુભવાયા છે. પંજાબથી લઈને જમ્મુ કાશ્મીર સુધી તેની અસર જોવા મળી છે. રાત્રે લગભગ ૧૦.૩૧ કલાકે અને ૧૦.૩૪ કલાકે ભૂકંપના જોરદાર ઝટકા આવ્યા હતા. ભૂકંપના ઝટકા આવતા જ લોકો પોતાની ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. તમને જણાવી દઈએ કે છેલ્લા કેટલાક સમયથી સતત ભૂકંપના ઝટકા આવી રહ્યા છે. દિલ્હી-એનસીઆર સિવાય પંજાબ, હરિયાણા, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશમાં પણ ઝટકા અનૂભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના મતે અમૃતસર, પંજાબમાં પણ ૬.૧ તીવ્રતાના ઝટકો અનુભવાયા છે. જ્યારે તઝાકિસ્તાનમાં રાત્રે ૧૦.૩૧ મિનિટ પર ૬.૩ તીવ્રતાના ઝટકા અનુભવાયો હતો. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વિટ કરીને લોકોના સુરક્ષા માટે પ્રાર્થના કરી છે. એવું બતાવવામાં આવી રહ્યું છે કે ભૂકંપનો પ્રથમ ઝટકો તઝાકિસ્તાનમાં અનુભવાયો, જ્યારે બીજો ઝટકો અમૃતસરમાં અનુભવાયો છે. જોકે હજુ સુધી નુકસાનના કોઈ સમાચાર નથી. બીજી તરફ અફઘાનિસ્તાનમાં ભૂકંપની તીવ્રતા ૫.૯ બતાવવામાં આવી રહી છે. બીજી તરફ અન્ય ભૂકંપનું કેન્દ્ર અમૃતસરથી ૨૧ કિમી દૂર જમીનથી ૧૦ કિમી ઉંડાઈ પર હતું. ભૂકંપની તીવ્રતા ૪.૨ હતી. જેનું એપી સેન્ટર રાજસ્થાનના અલવરમાં હતું.

**પંજાબથી લઈને કાશ્મીર સુધી અસર : ભૂકંપનો પ્રથમ ઝટકો તઝાકિસ્તાનમાં અનુભવાયો, જ્યારે બીજો ઝટકો અમૃતસરમાં અનુભવવામાં આવ્યો હતો**

Vશાલ
SUPER MARKETની આજ
મધુર સુગર (૫ કિ.)
રૂ. ૨૦૭/-
સેક્ટર-૬/કુડાસણ

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

